# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

# Shri Govind Guru University

## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૬

તા.૧૩/૦૭/૨૦૧૬

પરિપત્ર-૪૯

પ્રતિ,

આચાર્યશ્રી,

પંચમહાલ જીલ્લામાં આવેલી તમામ કૉલેજો.

વિષય: યુ.આઈ.ડી. કાર્યક્રમ હેઠળ આધાર કાર્ડ નોંધણીમાં ઝડપ લાવવા બાબત.

શ્રીમાન

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તા.૦૩/૦૬/૨૦૧૬ ના પત્રથી તમામ કૉલેજોના આચાર્યશ્રીઓને વિદ્યાર્થીઓને મળતી તમામ આર્થિક સહાય માટેની વિવિધ યોજનાઓને ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર હેઠળ આવરી લેવાયેલ હોય તમામ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની આધાર કાર્ડની વિગતો અચૂક મેળવવા અગત્યની સુચના આપવામાં આવેલ છે. આ યુનિવર્સિટીના પત્ર નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૬/૮૧, તા. ૨૮/૦૩/૨૦૧૬ થી પંચમહાલ જીલ્લામાં આવેલી અને આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની આધારકાર્ડની માહિતી માંગવામાં આવેલ હતી, જે માહિતી ચકાસતા જણાયેલ છે કે હજુ પણ ઘણી કોલેજોમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ આધાર કાર્ડથી વંચિત છે

માનનીય કલેકટરશ્રી, પંચમહાલ જિલ્લો, ગોધરાના તા. ૨૭/૦૬/૨૦૧૬ ના પત્રથી આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ આધાર કાર્ડ મેળવેલ ન હોય તો તાત્કાલિક આધાર કાર્ડ મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરી આ રાષ્ટ્રીય કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે, જે અન્વયે જણાવવાનું કે આપની કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના આધાર કાર્ડ કઢાવવા માટેનો કેમ્પ આપની કૉલેજમાં આયોજિત કરવા શ્રી જયેશભાઈ પટેલ, અધિક ચીટનીશશ્રી, કલેકટર કચેરી, ગોધરા. મો. નં. ૯૪૨૮૩૬૪૨૭૫ નો સંપર્ક કરી તા. ૩૧/૦૭/૨૦૧૬ સુધીમાં તમામ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના આધાર કાર્ડ કઢાવી મહેરબાન કલેકટરશ્રી, પંચમહાલ જિલ્લો, ગોધરાની જાણ હેઠળ આ યુનિવર્સિટીને આપની કોલેજની આધાર કાર્ડની આંકડાકીય માહિતી મોકલી આપવા વિનંતી

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નકલ સાદર રવાના:

- કલેકટરશ્રી, પંચમહાલ જિલ્લો, ગોધરા જાણ સારું